બાયડના આંબલીયારા ગામે કોરોના પોઝિટીવનો વધુ એક કેસ

જિલ્લામાં અત્યાર સુધી કુલ ૧૭ કોરોનાના પોઝિટીવ કેસ જે પૈકી એકનું મોત

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણ અટકવવા પૂરતી તકેદારી રાખવા છતાં ૧૭ જેટલા COVID-19 પોઝીટીવ કેસ સામે આવતાં આરોગ્ય વિભાગ દ્વારા પોઝીટીવ આવનાર વ્યક્તિઓના રહેણાંક અને ગામ સહિતના વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવાની સાથે સાથે આસપાસના પાંચ કિ.મી વિસ્તારમાં આવતા વિસ્તારને બફર ઝોન જાહેર કરી સર્વેલન્સની કામગીરી વધુ સઘન બનાવવામાં આવી રહી છે.

અગાઉ ભિલોડાના કુશાલપુરા ગામમાં ૭૦ વર્ષિય મહિલાનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યા તેમનું મરણ થયું હતું બાદ ત્રણ જ દિવસના સમયગાળામાં અરવલ્લી જિલ્લામાં કોરોના પોઝીટીવના ૧૬ કેસ નોંધાયા હતા જયારે મંગળવારે વધુ એક બાયડના આંબલીયારા ગામના ૪૯ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવતા જિલ્લા વહિવટીતંત્ર અને આરોગ્ય વિભાગ સતર્ક બની કામગીરી હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લામાં ગ્રામ્ય વિસતારમાં પણ કોરોનાએ પગપેસારો કર્યો છે. જેમાં ભિલોડા તાલુકાનો ૦૧ ધનસુરા -૦૨ કેસ, મેઘરજ -૦૪કેસ અને મોડાસા-૦૭, બાયડ-૦૩ મળી COVID-19 કુલ-૧૭ પોઝીટીવ કેસ નોધાયા છે.

જિલ્લામાં નોંધાયેલ કેસમાં ૧૦ ગામ અને શહેરના કોરોના પોઝીટીના સંપર્કમાં આવનાર ૨૩૬ લોકો હતા. જે પૈકી ૧૫૪ લોકોને હોમ કોરોન્ટાઇન, જયારે ૧૩ને આઈસોલેટેડ કરવામાં આવ્યા હતા જેમાં ૦૭ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે જેને લઇ આરોગ્ય વિભાગ સતર્ક બની નોધાયેલ કેસના ગામોમાં જિલ્લા ખાતે બનાવેલ ૧૯૩ આરોગ્યની રેપીડ રીસ્પોન્સ ટીમોધ્વારા ગામની આજુ બાજુના ત્રણ કિલોમીટરની ત્રિજ્યામાં આવતા ૨૬ ગામોને કન્ટેનમેન્ટ ઝોનમાં આવરી લઈ હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

નારણપુર-નારસોલી ગામમાં ઘરે ઘરે શાકભાજીનું વિતરણ કરાયું

કોરોના વાયરસની મહામારીનું સંક્રમણ દિન-પ્રતિ-દિન વધતા લૉકડાઉન પાર્ટ - ૨ દરમ્યાન શ્રમજીવી પરીવારોની હાલત અત્યંત દયનીય હોઈ જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ સેવાભાવી કાર્યકરો ઘરે ઘરે પહોંચાડી રહ્યા છે.અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર-નારસોલી ગામમાં માનવતાની મહેંક પ્રસરી છે.ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના,નારણપુર ગામ સમિતિના સામાજીક સેવાભાવી કરણજી ઠાકોર,હોદ્દેદારો,સેવાભાવી નવયુવાન કાર્યકરો ધ્વારા નારણપુર-નારસોલી પંથકમાં ઘરે ઘરે શાકભાજીનું વિતરણ કરાયું હતું.સેવા પરમો ધર્મ નિભાવતા માનવતાની મહેંક પ્રસરી હતી.

પ્રાંતિજના બાલીસણા ગામે આરોગ્યકર્મી પર હુમલો

ઘરે તપાસ અર્થે ગયેલ આરોગ્ય કર્મચારી ઉપર હુમલો : અમદાવાદથી ઘરે આવેલ વ્યક્તિની તપાસ અર્થે ગયેલ આરોગ્યકર્મી ઉપર હુમલો

પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના બાલીસણા ગામમાં તપાસ અર્થે ગયેલ આરોગ્ય કર્મી ઉપર હુમલો પરિવાર દ્વારા આરોગ્ય કર્મી ને મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી .

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ બાલીસણા ગામે આરોગ્યકર્મી જયદિપકુમાર રમણભાઈ પરમાર કે જેવો બાલીસણા ખાતે અમદાવાદથી આવેલ ગૌતમભાઇ શંકરભાઈ પરમારના ઘરે જતાં તેવોએ ઉશ્કેરાઈ જઇ અવર નવર ઘરે કેમ આવો છો તેમ કહી ગૌતમભાઈ શંકરભાઈ પરમાર તથા તેના પિતા શંકરભાઈ જેઠાભાઈ પરમાર બન્ને જણાં ઉશ્કેરાઈ જઈને ફરીયાદી જયદિપભાઈને મા બહેન સાથે ગાળો બોલી ગાલ તથા મોઢા ઉપર થપ્પડો મારી ગૌતમભાઈ શંકરભાઇ પરમાર તથા શંકરભાઇ જેઠાભાઈ પરમાર કેમ આવો છો તો બળદેવભાઈ જેઠાભાઇ પરમાર ઉપરાણું લઈને આવી ગાળો બોલી અને ફરીથી ઘરે આવશો તો જીવતા નહી જવા દઈએ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તો ફરીયાદી જયદિપકુમાર સરકારી ફરજ બજાવતાં હોય અડચણ હુમલો કરી ગુન્હો કરવામાં એકબીજાની મદદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ ૩૨૩, ૧૮૬, ૩૩૨, ૫૦૬, (૨) ૧૧૪તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ ની ક.૫૧ બી મુજબ ગુનો નોધી આગળની તપાસ પ્રાંતિજ પીએસાઈ બી. ડી. રાઠોડ દ્વારા હાથ ધરવામા આવી હતી.

ભિલોડા ગ્રામ પંચાયત કચેરી ધ્વારા માસ્કનું વિતરણ કરાયું

ભિલોડા,તા.૨૧

કોરોના વાયરસનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતા સર્વત્ર ચિંતાનું મોઝું ફરી વળ્યું છે. કોરોના વાયરસનું સંક્રમણ ન થાય તે માટે વહીવટી તંત્ર, પોલીસ તંત્ર અને આરોગ્ય વિભાગના અધિકારીઓ એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. કોરોના વાયરસની મહામારી વચ્ચે સૌ-કોઈને કોરોના વાયરસથી રક્ષણ મળી રહે તે માટે ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અંબિકાબેન ગોરધનભાઈ ગામેતી, ડે.સરપંચ ભીખાભાઈ પટેલ, તલાટી કમ મંત્રી ગોપાલભાઈ ભટ્ટ, ક્લાર્ક ભુપેશભાઈ રાઠોડ, ગ્રામ પંચાયત કારોબારી સભ્યો સહિત ભિલોડા ગ્રામ પંચાયત કચેરીના સ્ટાફ પરીવાર ધ્વારા ઠેર-ઠેર માસ્કનું વિતરણ કર્યું હતું.

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા શ્રમજીવીઓને ભોજન

ભિલોડા,તા.૨૧

કોરોના વાયરસની વૈશ્વિક મહામારી દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ધ્વારા લૉકડાઉન પાર્ટ - ૨ ને લંબાવાયું છે. ધંધા-રોજગાર મોટા માગે ઠપ્પ થઈ ગયા હોઈ શ્રમજીવી પરીવારોની હાલત અત્યંત દયનીય છે. શ્રમજીવી પરીવારોને ઠેર-ઠેર ભોજન અપાયું હતું. ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખાના સેવાભાવી હોદ્દેદારો, કાર્યકરો અને દાતાઓના સહયોગથી શુધ્ધ, સાત્વિક, પૌષ્ટીક ભોજન આપી સેવાકીય કાર્યો કરી રહ્યા છે. માનવ સેવા એ જ પ્રભુ સેવાનું સુત્ર સાર્થક થઈ રહ્યું છે.

બનાસકાંઠામાં કોરોનાનો આંક ૧૮એ પહોંચ્યો

બનાસકાંઠામાં કોરોના બેકાબુ વધુ ૫ વ્યક્તિઓ પોઝિટિવ... વાવના મીઠાવી ચારણ કેસના ચેપથી એક મહિલા અને ત્રણ પુરુષને કોરોના પોઝિટિવ

બનાસકાંઠા જિલ્લામાં મંગળવારે કોરોના વાયરસ બેકાબુ બન્યો હતો. જ્યાં અગાઉ મીઠાવી ચારણના ૫ વર્ષના બાળક અને વાહન ચાલકના સંક્રમણમાં આવેલા એક મહિલા અને ત્રણ પુરુષનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જ્યારે પાલનપુરના ગઠામણ ગામે યુવક સંક્રમણનો ભોગ બન્યો હતો. જેના પ્રજાજનોમાં ભારે ફફડાટ પ્રસરી ગયો છે. જ્યાં આરોગ્ય વિભાગ દ્વારા આ પોઝિટિવ વ્યક્તિઓના સંપર્કમાં આવેલા લોકોને શોધી તેમને હોમ કોરેન્ટાઇન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં કુલ પોઝિટિવ કેસોની સંખ્યા ૧૮ થવા પામી છે.

બનાસકાંઠા જિલ્લામાં અગાઉ પાલનપુર તાલુકાના ગઠામણ ગામે ૧૦ જ્યારે વાવ તાલુકાના મીઠાવી ચારણ ગામે એક, માવસરીમાં એક મળી કુલ ૧૨ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેમાં મંગળવારે વધુ ૬ કેસનો ઉમેરો થતાં કુલ આંકડો ૧૮ પહોંચ્યો છે. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, વાવના મીઠાવી ચારણ ગામે પાંચ વર્ષના બાળકનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જોકે, સઘન સારવાર બાદ તે સ્વસ્થ થતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી. જોકે, આ બાળકને સુરતથી સ્કોર્પિયો ગાડીમાં લાવનાર ચાલકનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તેમની સારવાર ચાલી રહી છે. દરમિયાન આ બાળક તેમજ ચાલકના સંપર્કમાં આવેલા અન્ય વ્યકયીઓના સેમ્પલ લેબોરેટરીમાં મોકલાયા હતા. જેનો મંગળવારે સાંજે રિપોર્ટ આવ્યો છે. જેમાં વાવ તાલુકાના આકોલી ગામના ૪૮ વર્ષના મહિલા, માવસરી ગામના ૨૨ વર્ષના પુરુષ, દૈયપ ગામનો ૨૦ વર્ષનો પુરુષ, મીઠાવીચારણ ગામના ૨૮ વર્ષનો પુરુષ અને પાલનપુર તાલુકાના ગઠામણ ગામના ૧૮ વર્ષના યુવકને કોરોના પોઝિટિવ આવ્યો છે. જે તમામને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. અને આ પોઝિટિવ વ્યક્તિઓના સંપર્કમાં આવેલા લોકોને શોધી તેમને હોમ કોરેન્ટાઇન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.જ્યારે મોડી સાંજે વધુ એક થરાદના યુવાનનો રીપોર્ટ પણ પોઝીટીવ આવ્યાનું જાણવા મળેલ છે.

ભિલોડા ઉદય સેવા સંસ્થાન ધ્વારા લીંબુ-શરબતનું વિતરણ કરાયું

ભિલોડા,તા.૨૧

ભિલોડા ઉદય સેવા સંસ્થાન ધ્વારા લીંબુ-શરબતનું વિતરણ કરાયું હતું.ભિલોડા વિસ્તારમાં લૉકડાઉન પાર્ટ - ૨ દરમ્યાન ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમીમાં ખડેપગે ફરજ બજાવતા પોલીસ કર્મીઓ, હોમગાર્ડ, ટી.આર.બી. જવાનો, મામલતદાર કચેરી અને કોટેઝ હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારીઓને લીંબુ-શરબતનું વિતરણ કરાયું હતું. કોરોના વાયરસનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતા સર્વત્ર ચિંતા જોવા મળે છે. લૉકડાઉન હોવાથી કર્મચારીઓ વિશેષ ફરજ બજાવી રહ્યા છે. ઉદય સેવા સંસ્થાનના જીતુભાઈ ભાટીયા સહિત સેવાભાવી કાર્યકરોએ વહીવટી તંત્રના અધિકારીઓને લીંબુ-શરબતનું વિતરણ કર્યું હતું.

લીલછા ગ્રામ પંચાયત ધ્વારા ઠેર-ઠેર સેનીટાઈઝેશન

ભિલોડા,તા.૨૧

ભિલોડા તાલુકાના લીલછા ગામની લીલછા ગ્રામ પંચાયત ધ્વારા ઠેર-ઠેર રહેણાંક વિસ્તારોમાં સેનીટાઈઝેશન કરાયું હતું.લીલછા ગ્રામ પંચાયત સરપંચ તૃપ્તીબેન જીગ્નેશભાઈ પંચાલ,તલાટી કમ મંત્રી,ગ્રામ પંચાયતના સભ્યો, સ્ટાફ પરીવાર સહિત સેવાભાવી કાર્યકરો ધ્વારા કોરોના વાયરસની મહામારી વચ્ચે રહેણાંક વિસ્તારોમાં સેનીટાઈઝેશન અને દવા છંટકાવની સફળ કામગીરી કરાઈ હતી.

મોડાસામાં કોરોના સંક્રમિત યુવક હોસ્પિટલમાંથી મૂછો પર તાવ દેતા ટીકટોક બનાવી રહ્યો છે

મોડાસા, તા. ૨૧

કોરોનાએ ચારેકોર કહેર મચાવી દીધો છે. અરવલ્લી જિલ્લામાં છેક સુધી કોઈપણ કેસ દેખાયો નહોતો ત્યારે બે-ત્રણ દિવસના ટુંકા ગાળામાં જ અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના ૧૬ કેસ પોઝીટીવ મળી આવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. લોકડાઉન-૨ માં અન્ય જિલ્લામાંથી બાઈક મારફતે મોડાસા તાલુકાના રાજલી ગામે આવેલા યુવકને કોરોનાનો રિપોર્ટ પોઝેટીવ આવતા ભારે ચકચાર મચી છે. કોરોના રિપોર્ટ પોઝેટીવ આવે તે પહેલા આ યુવક તેની સાસરી સહીત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં બિન્દાસ્ત રખડતો હતો અને અનેક લોકોના સંપર્કમાં આવ્યો હોવાથી પરિવારજનો અને સંપર્કમાં આવેલા લોકો ડરના માહોલમાં જીવી રહ્યા છે. આ યુવકની લાપરવાહીના પગલે અનેક લોકોને હેરાન થવાનું આવ્યું છે. બીજી બાજુ યુવક કોવીડ હોસ્પિટલમાં ટીકટોક વિડીયો બનાવી બિન્દાસ્ત મૂડમાં દેખાઈ રહ્યો છે. હાલ સોશ્યલ મીડિયામાં કોરોના પોઝેટીવ યુવકના વિડીયો ભારે વાઈરલ થઈ રહ્યા છે.

મોડાસાના રાજલી ગામનો દિનેશ નામનો યુવક રાજકોટના આજુબાજુના વિસ્તારમાં ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. રાજકોટમાં કોરોનના કેસમાં વધારો થતા આંતરરાજ્ય સરહદો સીલ હોવાના દાવાઓને પોકળ સાબિત કરી યુવક બાઈક સાથે રાજકોટથી રાજલી પહોંચી ગયો હતો અને બિન્દાસ્ત ફરતો રહ્યો હતો. આ અંગે આરોગ્યતંત્રને જાણ થતા યુવકને મોડાસા કોવીડ હોસ્પિટલમાં આઈસોલેટ કરી કોરોના રિપોર્ટ કરાવતા પોઝેટીવ આવતા યુવકની સારવાર હાથ ધરી છે, બીજીબાજુ મોડાસા પંથકમાં કોરોનાની દહેશત ફેલાવનાર યુવક પોતે સ્વસ્થ હોવાની સાથે અને મૂછો પર તાવ આપી કોરોનાને હરાવવા તૈયાર હોવાનો ટીકટોક પર વિડીયો બનાવી વાઈરલ કરતા લોકો યુવક ઝડપથી કોરોના મુક્ત થાય તેવી ઈચ્છી રહ્યા હોવાની સાથે તેની લાપરવાહી જીલ્લાના પ્રજાજનોને મોંઘી પડી શકે છે ની ચર્ચાએ જોર પકડ્યું છે.

કોરોના કહેર વચ્ચે ફોરેસ્ટ કર્મી બેશરમ

મેઘરજના જામગઢના ફોરેસ્ટરે યુવતીની છેડતી કરી પરિવારજનોને માર મારતા ચકચાર

મેઘરજ, તા. ૨૧

ગુજરાતમાં કોરોનાના કહેર વચ્ચે થંભી ગયેલા ક્રાઈમ રેટે માથું ઉંચક્યું છે. અરવલ્લી જીલ્લામાં કોરોનાના ૧૦ જેટલા કેસ બહાર આવતા લોકો ફફડી ઉઠ્યા છે બીજી બાજુ એક તરફી પ્રેમમાં કામાંધ બનેલા મેઘરજના જામગઢ વિસ્તારમાં ફોરેસ્ટર તરીકે ફરજ બજાવતા રાહુલ વાંકે નવાગામ (ભડવચ)ની ૨૦ વર્ષીય યુવતીની છેડતી કરી માર મારી અપહરણનો પ્રયાસ કરી પરિવારજનો યુવતીને બચાવવા જતા પરિવારજનોને માર મારી ફોરેસ્ટ કર્મી રફુચક્કર થઈ જતા આ ઘટનાના પગલે હોબાળો મચતાં ઈસરી પોલીસે ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મેઘરજ તાલુકાના નવાગામ (ભડવચ) ગામની આદિવાસી સમાજની કોલેજિયન યુવતી પોતાના ઘરે એકલી હતી, ત્યારે જામગઢ ફોરેસ્ટર તરીકે ફરજ બજાવતો રાહુલ વાંક યુવતીનો મોબાઈલ નંબર માંગી યુવતીએ મોબાઈલ નંબર આપવાનો નનૈયો ભણતા યુવતીની છેડતી કરી હાથ પકડી ખેંચતાણ કરી લાત મારી દીધી હતી. આ દરમિયાન યુવતીના પિતા અને ભાઈ ઘરે આવી ચઢતા તેમની સાથે મારપીટ કરી જાતિ પ્રત્યે અપમાનિત કરતા શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી રફુચક્કર થઈ જતા ભારે ચકચાર મચી હતી. યુવતીએ આ અંગે ઈસરી પોલીસ સ્ટેશને રાહુલ વાંક (જામગઢ ફોરેસ્ટર) વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ઈસરી પોલીસે ઈપીકો કલમ-૩૫૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસિટી એક્ટ કલમ મુજબ ગુન્હો નોંધી નરાધમ ફોરેસ્ટરની તપાસ હાથ ધરી છે અને ઘટનામાં ઉંડાણપૂર્વક ઉતરીને સાચી હકીકત જાણવાની કોશિશ કરી રહી છે.

જાહેરમાં માસ્ક વગર ફરતા લોકો સામે ધાનેરા નગરપાલિકાએ લાલ આંખ કરી

કોરોનાવાયરસના વધતા જતા સંક્રમણને અટકાવવા માટે બનાસકાંઠા જિલ્લા કલેકટર દ્વારા એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે અને જેમાં તમામ જનતાને જણાવવામાં આવ્યું છે કે જાહેર સ્થળો પર માસ્ક વગર ફરવું નહીં અને જે લોકો પાસે માસ્ક નહીં હોય તેવા લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે. ત્યારે ગઈકાલે ધાનેરા પોલીસ દ્વારા ધાનેરાના વિવિધ સ્થળો પર લોકોને સમજાવીને માસ્ક બાંધવામાં આવ્યા હતા પરંતુ તેમ છતાં લોકો ન સમજતા આજે ધાનેરા નગરપાલિકા દ્વારા તમામ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. ધાનેરા નગરપાલિકા દ્વારા બે ટીમ બનાવી ધાનેરાના વિવિધ સ્થળો પર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જેમાં રસ્તે ચાલતા દુકાનદાર વેપારી તેમજ બાઈકસવાર ૬ જે લોકોને માસ્ક બાંધવાના ન હોય તેવા લોકોને સામે દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી અને માસ્ક બાંધવા માટે અનુરોધ પણ કર્યો છે જે વ્યક્તિ પહેલીવાર માસ્ક વગર ઝડપાય તેને ૨૦૦ રૂપિયા દંડ કરવામાં આવે છે અને બીજીવાર માસ્ક વગર ઝડપાય તેની પાસેથી ૫૦૦ રૂપિયા દંડ વસૂલ કરવામાં આવશે.

અરવલ્લી જિલ્લાના ૨૪ને ગવર્નમેન્ટ જયારે ૯૨૫ લોકોને હોમ કવોરન્ટાઈન કરાયા

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસને સંક્રમણને અટકાવવા તેમજ તકેદારી રાખવા છંતા મોડાસા શહેરી અન્ય જિલ્લાના અન્ય ગ્રામ્ય વિસ્તારમાં કોરોના પોઝિટીવ દર્દીઓ મળી આવ્યા હતા. જેને આરોગ્ય તંત્ર દ્વારા અસરકારક પગલા લેવામાં આવી રહ્યા છે.

અરવલ્લી કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પ્રોએકટીવ અને કોમ્યુનીટી સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં જિલ્લામાં હાઉસ ટુ હાઉસ ૧૧,૧૦,૭૬૯ લોકોનુ સર્વેલન્સ હાથ ધરાયું. જેમાં કુલ ૧૨,૩૧૨ યાત્રીઓ આવ્યા હોવાનું માલૂમ પડ્યુ હતું. જેમાંથી ૧૦૦૬ લોકોને ૧૪ દિવસ ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે. જયારે હાલ ૯૨૫ લોકોને હોમ કવોરન્ટાઈન અને ૨૪ લોકોને ૧૪ દિવસ માટે ગવર્નમેન્ટ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જિલ્લામાં ૫૭ આઈસોલેશનની સુવિધા હેઠળ છે જિલ્લામાં અત્યાર સુધી ૩૪૬ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ૧૬ લોકોને રીપોર્ટ કોરોના પોઝિટીવ જયારે ૨૭૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે જયારે જિલ્લામાં હજુ પણ ૫૬ શંકાસ્પદ દર્દીઓના રીપોર્ટ પેન્ડીંગ છે. જિલ્લાની સાર્વજનિક હોસ્પિટલમાં ૫૦ જયારે બાયડની વાત્રક હોસ્પિટલમાં ૧૦૦ બેડની સુવિધા સાથે આઈસોલેશન વોર્ડ સજ્જ કરવામાં આવ્યો છે.

અરવલ્લી જિલ્લાના ચાર ગામ અને મોડાસા શહેરના સર્વોદયનગરને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરાયા

મોડાસા, તા. ૨૧

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ કોવિડ-૧૯ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ કોવિડ-૧૯ ના કુલ-૧૨૦૦૦ થી વધારે કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ કોવિડ-૧૯ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ કોવિડ-૧૯ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા પ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ દ્વિતીય કેસ નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે કોવિડ-૧૯નો કોન્ટાઈનમેન્ટ એરીયા (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં કોવિડ-૧૯નો કેસ મળી આવેલ મોડાસા શહેરના સ્પોર્ટસ સંકુલના સર્વોદયનગર, મોડાસા તાલુકાના રાજલી અને નાંદીસણ, જયારે મેઘરજના લિંબોદરા તેમજ ઓઢા ગામના વિસ્તારને કોવિડ-૧૯ કોન્ટાઈનમેન્ટ એરીયા તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્કીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ (તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે.